શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

## WELL COME - 2015

Vibrant PANCHOLI SAMAJ

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ


જાન્યુઆરી- ૨૦૧૫ અંક - ૧ વર્ષ : ૫૪ સળંગઅંક : ૪૧૫

માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી

સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# શ્રધ્ધાંજલિ



**સ્વ. અ.સૌ. ચંદ્રિકાબેન મહેશભાઈ પંચોલી**

જન્મ : ૨૦.૩.૧૯૫૦ અક્ષરવાસ : ૧૬.૧૨.૨૦૧૪

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે. મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ. ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે.
દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
પ્રભુ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપે
એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

## અર્પણકર્તા


**બોબી ટેલર**

મહેશભાઈ ગણપતરામ પંચોલી

| | |
|---|---|
| સ્વ. ગણપતરામ ત્રિભોવનદાસ પંચોલી | સ્વ. રમણબેન ગણપતરામ પંચોલી |
| શીતલકુમાર મહેશભાઈ પંચોલી | હિરલબેન શીતલકુમાર પંચોલી |
| જયંતિભાઈ ગણપતરામ પંચોલી | નિર્મળાબેન જયંતિભાઈ પંચોલી |
| આનંદભાઈ જયંતિભાઈ પંચોલી | દિપીકાબેન આનંદભાઈ પંચોલી |
| સમીરભાઈ જયંતિભાઈ પંચોલી | રીટાબેન સમીરભાઈ પંચોલી |

અંજલી - દિયા - અવની - વૃત્તિ
તથા સમસ્ત પરિવારના જયશ્રી કૃષ્ણ

બોબી ટેલર, દુધિયા તળાવ, નવસારી
ફોન : ૦૨૬૩૭ - ૨૪૦૪૦૬



સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી
રાજપીપલા

જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

## નવયુગ શુભેચ્છક

## સત્તરમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

### અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨(૮૪ વર્ષ)

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૯૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧ (૭૭ વર્ષ)

## નવયુગ શુભેચ્છક

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા કી જય હો....
નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને
અમારા

### વર્ષ ૨૦૧૫ના સાલમુબારક

કિરણ મણીલાલ પંચોલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
કૌશલરાજ કિરણ પંચોલી
અ.સૌ. રીમા કૌશલરાજ ગજજર
ચિ. હેતલ કિરણ પંચોલી
ચિ.. અક્ષર જયેશભાઈ ગાંધી

૨૦૨, રજે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી,
દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મોબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

2010-2030



## નવયુગ શુભેચ્છક

# છઠ્ઠી પૂણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી આઠેય દિકરીઓ તમારી
સતત હૂફ ઝંખે છે. ફોન કરતાં જ 'દિકરા'
અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

પદમા, ધર્મિષ્ઠ(જયોતિ), માયા, પ્રવિણા,
હેમા, ગીતા, સોનલ, અલોકી
તથા પરિવારજનો....

**અક્ષરવાસી**
**ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી**
**જન્મ તા. ૬.૮.૧૯૨૮ અ.વા.તા. ૨૧.૧.૨૦૦૯**

2010-2030

## નવયુગ શુભેચ્છક



**સ્વ. કૃષ્ણકાંત ઉત્તમરામ મારફતીઆ**
**જન્મ : ૨૦.૯.૧૯૫૪ સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦**

# પાંચમી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યુ જીવન,
પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના
સતત પ્રયાસો તથા સચ્ચાઈ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે
ને રહેશે.' આપના દેહવિલયને આજે ત્રણ વર્ષ પૂરા થયા છે,
ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....

## અર્પણકર્તા

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ
ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ

નિરજકુમાર કે. મારફતીઆ સ્વાતિ નિરજ મારફતીઆ
ચિ. પ્રાર્થવી નિરજ મારફતીઆ ચિ. આર્યન નિરજ મારફતીઆ
હર્ષકુમાર કમલેશભાઇ શાહ મેઘના હર્ષકુમાર શાહ
શ્રી અનિલકુમાર યુ. મારફતીઆ શ્રીમતિ વાસંતીબેન એ મારફતીઆ

૪૧/૭, 'શ્રી કૃષ્ણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઇન્સ, સુરત – ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧-૨૬૧-૨૨૫૭૨૬૪
મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

2010-2030

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

જાન્યુઆરી-૨૦૧૫

# પંચોલી નવયુગ

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેધા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

ધીરે ધીરે પણ શીયાળાની શરૂઆત થઈ અને ઠંડીનો ચમકારો પણ આપણે માણ્યો... ઋતુ ઋતુનું કાર્ય કરે છે અને આપણે આપણું કાર્ય કરીએ છીએ... જે રીતે ઋતુઓ મોડી થતી ગઈ એજ રીતે આપણું નવયુગ પણ હવે ઋતુ જેવું અનિયમિત થઈ ગયું છે... પહેલા દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં જ્ઞાતિજનોને નવયુગ મળી જતુ હતું. એ માટે આપણે સર્વેએ મનન અને મંથન કરવું રહ્યું... જે મઝા નિયમિતતામાં હોય છે એ મઝા અનિયમિતતામાં નથી હોતી..

શરૂ થતું ૨૦૧૫નું વર્ષ આપ સૌને અને પંચોલી નવયુગને પણ ફળદાયી, લાભદાયી અને યશસ્વી બને એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના... શરૂ થતા નવા વર્ષથી દરરોજ આપણે નીચેના સંકલ્પો મુજબ રહીએ.....

નિરાશાને ડીલીટ કરો, ખુશીયોને સેવ કરો,
સંબધોને રીચાર્જ કરો, દોસ્તીને ડાઉનલોડ કરો,
દુશ્મનીને ઈરેઝ કરો, સાચી વાતોને બોર્ડકાસ્ટ કરો,
જુઠી વાતોને સ્વીચ ઓફ કરો, ટેન્સનને બ્લોક કરો.
પ્યારને ઈનકમીંગ કરો, નફતરને આઉટ ગોઈંગ કરો.
હસીને ઈન બોક્ષ કરો આંસુઓને આઉટબોક્ષ કરો..
મુસ્કાનને સેન્ડ કરો, મદદને ઓકે કરો...

અને તમારા દિલને વાઈબ્રેટ કરો..... ફકત આટલુ જ કરવાની જરૂર છે...જુઓ પછી તમારી જીંદગીની રીંગટોન પ્યારથી વાગતી રહેશે....
આ વર્ષ ખરેખર 'પ્રગતિના પંથે નારી'નું રહ્યું... નવસારીના રમીલાબેન રાજયકક્ષાએ તરણસ્પર્ધામાં બે મેડલો મેળવ્યા.... હાસ્યલેખક-લેખીકાની હરોળમાં અમદાવાદના પલ્લવીબેનનો સમાવેશ થયો... વ્યારાના પારૂલબેન, વડોદરાના જયમાલાબેન તથા દામીનીબેન ટીવી પર રસોઈસો માં ઝળકયા.... અને આપણને ગૌરવ અપાવ્યું છે.... એઓને સૌને ખૂબ ખૂબ અભિનંદન....

વ્યારા મુકામે યોજાયેલ મહિલા સંમેલન સુંદર રીતે રંગેચંગે આનંદમય વાતાવરણમાં સંપન્ન થયું.. સુદર સાંસ્કૃતિક કાર્યક્રમો... જેમાં અબાલવૃદ્ધ સૌ કોઈએ ભાગ લઈ નારીશકિતનો આગવો પરિચય કરાવી દીધો.. 'પંચોલી નારી કિસીસે કમ નહી'... સાબિત કરી બતાવ્યું.. સુંદર આયોજન, સુંદર વ્યવસ્થા અને આગવી સુઝથી કરેલ કાર્યક્રમની સફળતાનો શ્રેય પંચોલી સમાજ વ્યારાના કાર્યકરો, પ્રગતિ મહિલા મંડળ વ્યારાના કાર્યકરો, તથા મહામંડળના મહિલા સંગઠનના અધ્યક્ષાને ફાળે જાય છે...
નાના હતા ત્યારે આપણે સૌ ગાતા હતા.....
'સાથે રમીએ, સાથે જમીએ... સાથે કરીએ સારા કામ....'
તો જ સૌનો સાથ.... સૌનો વિકાસ.... તો બની રહેશે આગવો પંચોલી સમાજ....

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

૨૦૧૪ નું વર્ષ ખાટી અને મીઠી યાદ ને લઇ પૂર્ણ થઇ ગયું. આપણે સૌ ૨૦૧૫ નાં વર્ષને આવકારવા થનગની રહયા છે. આવનારું ૨૦૧૫ નું વર્ષ સૌ જ્ઞાતિજનોને પ્રગતિકારક નિવડે એવી શુભેચ્છા સહ સૌને Happy New Year.

મહામંડળનાં પ્રમુખ તરીકે મેં ધુરા સંભાળ્યા બાદ સમાજનાં સૌ જ્ઞાતિજનો-એકમોને ત્રણ ગોલ રજુ કર્યા હતાં. જેમાં યુવાનો, મહિલાઓ અને પાલ વિભાગનાં નાનાં નાનાં એકમોને ભેગા કરી પાલ વિભાગમાં અધિવેશનનું આયોજન. ગત વર્ષમાં યુવાનો માટે આકાંક્ષા-૨ તેમજ ખેલ મહાકુંભનું સફળ આયોજન અંકલેશ્વર ટીમે કર્યુ. મોટી સંખ્યામાં યુવાનો એકત્ર થયાં. ત્યાર બાદ યુ.કે.નાં કેટલાક ભાઇઓનાં સહકાર થી આપણે વિધવા-નિરાધાર ભાઇ-બહેનોનો ધાર્મિક પ્રવાસ : ગાંધીનગર, મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી, શામળાજી, ડાકોર, સારસાનાં દર્શનનું ખુબ સુંદર આયોજન વ્યારાની ટીમ દ્વારા કરવામાં આવ્યું. મહામંડળનાં ૫૦ વર્ષની સુવર્ણ જયંતિની યાદગીરી રૂપે ‘સ્વર્ણિમ ફંડ’ ની રચના સમાજનાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનો માટે શૈક્ષણિક સહાય, મેડીકલ સહાય અને વિધવા સહાય માટે કરવામાં આવી, જ્ઞાતિજનો તરફથી સારો સહકાર પ્રાપ્ત થઇ રહ્યો છે. જે જ્ઞાતિજનો આ ફંડમાં પોતાનો ફાળો આપવા માંગતા હોય તેવા જ્ઞાતિજનોએ પોતાના ફંડની રકમ ‘શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ’ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065 IFC Code. BARBO VYARAX માં પોતાનો ફાળો જમા કરાવી અમોને જાણ કરશો. આપના સહકાર થકી આપણે આપણા સમાજના જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને મદદરૂપ થઇ સમાજ સેવાનાં યજ્ઞમાં સહભાગી બની શકીએ.

નવસારી મુકામે મળેલ સામાન્ય સભામાં મહિલા સંમેલન કરવાની જવાબદારી વ્યારા એકમ તથા પ્રગતિ મહિલા મંડળ-વ્યારાએ ઉપાડી લીધી. શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાના પ્રમુખશ્રી ભરતભાઇ પંચોલી તથા પ્રગતિ મહિલા મંડળ વ્યારાનાં પ્રમુખશ્રી ગીતાબેન ગાંધીની ટીમ તેમજ મારા વ્યારાનાં યુવાન મિત્રોનાં સહકાર થી આપણે વ્યારા ખાતે તા. ૨૮.૧૨. ૨૦૧૪નાં રવિવારનાં રોજ સુંદર આયોજન કરી મહિલા સંમેલન ‘પ્રગતિ પંથે-નારી’ કરવામાં આવ્યું. વિવિધ એકમોની આશરે ૭૦૦ જેટલી મહિલાઓ ભેગી થઇ મહિલાઓને લગતા કાર્યક્રમો નો આનંદ માણ્યો જેમાં વિશેષ ‘પ્રગતિ પંથે - નારી’અંગેનું સુંદર વ્યાખ્યાન ડૉ. દક્ષાબેન વ્યાસ, દ્વારા રજુ કરવામાં આવ્યુ અને બીજુ વિશેષ મહિલાઓનાં મેડીકલ પ્રોબ્લેમ માટે જાગૃતિ લાવવા માટેની સમજ ગાયનેક ડૉ. કલ્પનાબેન ચૌધરી દ્વારા આપવામાં આવી. સરકારશ્રીનાં મહિલા ને લગતા કાર્યક્રમો-કાયદાકીય જોગવાઇ, સ્વરક્ષણની તાલીમ વિગેરેની અન્ય વિસ્તૃત સમજણ પી.એસ.આઇ. શ્રીમતી સુરભીબેન ચૌધરી તેમજ ઓલ ઇન્ડીયા ક્રાઇમ રીર્ફોન્સ ઓર્ગેનાઇઝેશન, વ્યારા દ્વારા સુંદર સમજ મહિલાઓને લગતી આપવામાં આવી. સુંદર કાર્યક્રમો અને સુંદર આયોજન, વ્યવસ્થા ખરેખર વ્યારાની સમગ્ર ટીમને આભારી છે. વ્યારા ટીમને હું હાર્દિક અભિનંદન આપુ છું. આ કાર્યક્રમમાં પણ ‘સ્વર્ણિમ ફંડ’ની જાહેરાત કરવામાં આવી. ડૉ. મહેશભાઇ મિસ્ત્રીએ આની આગેવાની લઇ હાજર રહેલી મહિલાઓને પ્રોત્સાહીત કરી ‘સ્વર્ણિમ ફંડ’માં જે સહયોગ પ્રાપ્ત થયો છે તે તમામ દાતાઓનો હાર્દિક આભાર માનું છું.

મહિલા સંમેલનમાં મહામંડળ દ્વારા વિશિષ્ટ સન્માન શ્રીમતી પલ્લવીબેન મિસ્ત્રી તથા શ્રીમતી રમિલાબેન મિસ્ત્રીનું કરવામાં આવ્યું. સમાજનું નામ રોશન કરનાર બન્ને બહેનોને હાર્દિક અભિનંદન આપી હજી વધુને વધુ પ્રગતિના સોપાનો સર કરે એવી શુભેચ્છાઓ પાઠવુ છું. વાઇબ્રન્ટ મહિલા મંડળ બને તે માટે મહામંડળ હંમેશા ચિંતિત રહ્યું છે. ચાલુ વર્ષ સને ૨૦૧૪માં વર્ષમાં આપણે બે વિભાગોમાં મહિલા મંડળોને વહેંચવામાં આવ્યા. જેમાં ૧૦૦ ઘરથી વધુ એકમને ‘અ’ વિભાગમાં લિધા. ૧૦૦ ઘરથી ઓછા એકમને ‘બ’ વિભાગમાં લિધા. વર્ષ દરમ્યાનની મહિલા મંડળની પ્રવૃતિઓને ધ્યાનમાં લઇ અ વિભાગમાં પ્રથમ : પ્રગતિ મહિલા મંડળ, વ્યારા, દ્વિતીય : પંચોલી ભગીની મંડળ, રાજપીપળા તેમજ તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા અને બ વિભાગમાં પ્રથમ : મહિલા મંડળ, અંકલેશ્વર, દ્વિતીય : પંચોલી મહિલા મંડળ, બારડોલી એ સ્થાન પ્રાપ્ત કર્યુ. આ સમારોહમાં તમામ મંડળોને આપણે પ્રમાણપત્ર તથા ઇનામો આપીને સન્માન્યા છે. તમામ મંડળોને હાર્દિક અભિનંદન આપુ છું. મહિલા સંગઠનનાં અધ્યક્ષા શ્રીમતી આનંદીબેન પંચોલી તેમજ કો.ઓડિનેટર શ્રીમતી મીરાબેન મિસ્ત્રી દ્વારા સુંદર કાર્ય થાય છે. બન્ને બહેનોની કામગીરીને બીરદાવું છું હજી આપણા અનેક એકમોમાં મહિલા મંડળની રચના કરવાની બાકી છે તેની રચના કરવામાં આવે અને મહિલા મંડળોમાં મહિલા બચત યોજના શરૂ થાય એવી પ્રવૃતિ તેમજ મહિલા મંડળો થકી વ્યસન મુકતીના કાર્યક્રમો પર ભાર મુકવા અનુરોધ કરૂ છુ.

યુવાનો માટે હવે આપણે ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવાનું છે. મોટા એકમો આ માટે આગળ આવો પાલ વિભાગમાં અધિવેશન માટે પાલ વિભાગનાં દરેક એકમનાં કાર્યકરો ચિંતન કરે અને આયોજન કરે એવી વિનંતી કરૂ છુ. વારંવાર મારા દ્વારા અનુરોધ કરવા છતાં પાલ વિભાગમાં કોઇ કાર્યવાહી થતી નથી. એ જાણી ઘણું જ દુઃખ થાય છે મિત્રો આપણે આપણા કુટુંબની સાથે સમાજનું પણ વિચારવાનુ છે. સમાજ માટે પણ થોડો સમય ફાળવશો તો આવનાર સમયમાં સમાજનું સ્થાન મજબુત બનશે અને આપણી પેઢીને પણ સમાજ માટે માન રહેશે. હવે સુતા ન રહેતા જાગૃત થઇ આગળ આવો આપણે સૌ ભેગા મળી કામ કરીએ. આવો મિલકર કામ કરે સમાજ કો આગે બઢાયે. અસ્તુ.

સત્ કૈવલ સાહેબ

# કુર્યાત સદા મંગલમ્



## પાયલ અને ચિંતન

તા. ૧.૧૨.૨૦૧૪





તા. ૧.૧૨.૨૦૧૪ના શુભ દિવસે
પરિણયની પગદંડી પર ડગ ભરતા
**પાયલ અને ચિંતન**
ને અમારા શુભાશિષ. સહ હાર્દિક શુભેચ્છાઓ.....
સદાય વરસતી રહેશે..

શ્રી પરસોત્તમભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી
સ્વ. પુષ્પાબેન પરસોત્તમભાઈ મિસ્ત્રી
શ્રી હર્ષવદન પરસોત્તમભાઈ મિસ્ત્રી
શ્રીમતિ પ્રવિણાબેન હર્ષવદનભાઈ મિસ્ત્રી
શ્રી મિહિર હર્ષવદન મિસ્ત્રી
શ્રીમતિ ડોનિકા મિહિર મિસ્ત્રી
તથા સમસ્ત મિસ્ત્રી પરિવાર
મેઈનરોડ, વ્યારા

સ્વ. નવિનચંદ્ર છોટાલાલ ગજ્જર
સ્વ. મંજુલાબેન નવિનચંદ્ર ગજ્જર
શ્રી ભદ્રેશકુમાર નવિનચંદ્ર ગજ્જર
શ્રીમતિ ચારૂલતાબેન ભદ્રેશકુમાર ગજ્જર
તથા સમસ્ત ગજ્જર પરિવાર
સ્તુતિ એરીસ્ટા-સુરત



**સ્વ. અ.સૌ. તારાબેન(મધુબેન)**
**કાંતીલાલ પંચોલી**
**સ્વર્ગવાસ : સવંત ૨૦૫૭ને તા. ૧.૧.૨૦૦૧**
**પોષસુદ છઠને સોમવાર**

# હાર્દિક શ્રધ્ધાંજલી..
# ૧૫મી પૂણ્યતિથિએ....

તમારા આર્શિવાદ અમને સદાયે સન્માર્ગે દોરશે..
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિર:શાંતિ અર્પે
એવી આપની ૧૫મી પૂણ્યતિથિએ પ્રાર્થના...

કાંતીલાલ જૈકીશનદાસ પંચોલી-૯૪૨૭૪ ૨૧૭૧૩

દિપકભાઈ કાંતીલાલ પંચોલી
મો. : ૯૪૨૭૪ ૨૧૭૧૩
ગીતાબેન દિપકભાઈ પંચોલી
રૌનક દિપકભાઈ પંચોલી
ગોપી રૌનકભાઈ પંચોલી
ચિ. દેવાંશ
ચિ. ધ્રુતી દિપકભાઈ પંચોલી

કમલેશભાઈ કાંતીલાલ પંચોલી
મો. : ૯૫૩૭૦ ૪૮૮૨૨
મમતાબેન કમલેશભાઈ પંચોલી
હિરેનકુમાર બી. રૂવાલા
હિમાંશી હિરેનકુમાર રૂવાલા
ચિ. કૃશાંગ

૩૦, પંચોલી સોસાયટી, ઘોડદોડરોડ, અથવાલાઈન્સ, સુરત

મમતાબેન પિયુષકુમાર પંચોલી
ચિ. શિવાની પ્રણવકુમાર શાહ
ગોરેગાંવ-મુંબઈ

રેખા રમેશકુમાર પંચોલી
વિશાલ-સંદિપ-પ્રિયા
ચિ. આયુ-ચિ. કેલ
રાજપીપલા

# Best wishes for 50th Birthday

*Kamleshbhai*

B.Date : 22-11-1964



**Riddhi - Kamlesh - Daksha - Pratik**

**: From :**

Daksha K. Pancholi

Pratik K. Pancholi
(B.E.)
Job : International Airport

Add. :
Tata Power House Borivali(E) Mumbai
Ph. : 022-28852769 Mo. : 77384 44652

Riddhi K. Pamcholi
(B.AF,M.Com.)
Job : Ocwen

સત્‌કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી



## સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી

**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨-આફ્રિકા-નૈરોબી     દેહવિલય : ૧૭.૧૨.2013**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્‌ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઈ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી     શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રી યોગેશભાઈ હરકિશનદાસ પંચોલી     શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)

# સંયમ

નટુભાઇ પંચોલી
જબુગામ

જીવનની દરેક અવસ્થા તથા હરેક ક્ષેત્રમાં સંયમ આવશ્યક છે. એ એક એવો માર્ગદર્શક છે જે કદીએ આપણને ખોટા માર્ગે લઇ જતો નથી. એના હાથમાં આપણું હિત હંમેશા સલામત રહે છે. ગૃહજીવનમાં તો આથી વધુ સારો કોઇ જ મિત્ર નથી. જીવનમાં સફળતા માટે સંયમ એક અચૂક મંત્ર છે. જે કોઇ માણસ સુખી અને સફળ ગૃહસ્થ જીવન ઇચ્છતા હોય તે આ સંયમ રૂપી મંત્રનું મહત્વ સમજે અને તેને સારી રીતે ગ્રહણ કરે.

આ મંત્રે દુનિયાના લાખો માણસોની જિંદગીમાં આશ્ચર્યકારક પરિવર્તન આણ્યું છે. આ મંત્ર નરકને સ્વર્ગમાં પલટાવી નાંખે છે. એને લીધે તો માનવ સંસ્કૃતિ નવપલ્લવિત અને ફૂલીફાલી રહી છે. સમાજના એકે એક શુભ કાર્યમાં એની પ્રેરણા છે.

સંગમના આ મંત્રમાં જાદુની પેઠે જિંદગીના બધા દુઃખો દૂર કરવાની શકિત છે. કેટલાય માણસો પોતાનું ભાગ્ય જાણવા લાખો રૂપિયા ખર્ચે છે અને પોતાના પરસેવાની કમાણી વેડફે છે. તેમને પોતાને જ ખબર નથી કે તેમની પાસે જ પોતાનું ભાગ્ય ઘડવાની કે બગાડવાની શકિત પડેલી છે. એ આશ્ચર્યની વાત નથી ?

યૌવનની ઘમંડભરી ચાલમાં પગ લપસી પડે, આમાં યૌવનની મહાન જવાબદારી રહેલી છે. આ જવાબદારીને આપણે બરાબર સમજીએ. માત્ર થોડા પ્રલોભન માટે આખી જિંદગીને વેરવિખેર અને બરબાદ ન કરીએ. જો આપણે લાગણીના આવેશ તથા તૃષ્ણા પર યોગ્ય સંયમ રાખીએ તો આપણા ભવિષ્યમાં અનેક દિવસોની દુઃખભરી સંધ્યા અને રડતાં પ્રભાત જોવા નહિં પડે.

શકિતઓનો થતો બગાડ અટકાવો એ સંયમ, જીભ દ્વારા નકામો બકવાસ, નિંદા, ચાડી, બડાઇ, ગપ્પા મારવાં, અસત્ય અને કટુવચન બોલવાથી જીભની ઘણીબધી શકિતઓનો બગાડ થાય છે. સતત બકવાસ પર અંકુશ રાખીએ, જેટલું પોતાના અને બીજા માટે જરૂરી હોય એટલું જ સમજી વિચારીને બોલીએ. અસત્ય, કડવું અને નિરર્થક ન બોલવાનો જિવ્હા પર સંયમ રાખવામાં આવે તો બીજા પર આપણી વાણીનો આશ્ચર્યકારક પ્રભાવ પડે છે. આ થયો વાણી સંયમ...

વાણી સંયમની વાત વ્યવહારિક દ્રષ્ટિએ આપણાં સામાજિક જીવન અને ખાસ કરીને ગૃહસ્થ જીવનમાં સૌથી ઉપયોગી છે.ઘણીવાર ઘરમાં અને બહાર પણ જે વાતનું વતેસર થઇ જાય છે તેનું કારણ એ છે કે બહુ ઓછા લોકો વાતચીત કરતી વખતે પોતાની જીભ પર કાબૂ રાખે છે. મનમાં આવે તે બકી નાંખવું એ સજ્જનતાનું લક્ષણ નથી પરંતુ ઉલ્ટાનું એ બતાવે છે કે આ માણસ ઇન્દ્રિઓ પર કાબુ રાખી શકતો નથી, માટે વાણી સંયમથી જીભ પર કાબુ રાખીએ.

જીભનો બીજો અસંયમ છે.. સ્વાદ લોલુપતા. સ્વાદનું આકર્ષણ, અભદ્ર પદાર્થો ખાવા માટે લલચાવું, ભોજનની વધતી માત્રા અને મસાલાઓનું ધીમું ઝેર પેટ પર ભાર બને છે. અપચાને કારણે પેટમાં ઝેરી સડો ઉત્પન્ન થાય છે, જે શરીરના વિભિન્ન અંગોમાં વિવિધ રોગો ઉત્પન્ન કરે છે. આપણે સમજીએ છીએ કે સ્વાદિષ્ટ અને ભાવતી ચીજો ખાઇને મઝા તો લૂંટી, પરંતુ ખરેખર આતો પોતાના પગ પર કુહાડી મારીને માણસ પીડા ભોગવતો હોય છે. ઔષધની જેમ સાત્વિક આહાર એટલો જ લઇએ જેટલો શરીરના નિર્વાહ માટે જરૂરી હોય.

જીવનમાં અર્થ સંયમ થકી પોતાની આવકથી વધારે ખર્ચ ન કરીએ. આજની એક એક રૂપિયાની બચત આવતીકાલનું અનંત સુખ સાબિત થઇ શકે છે. આજનું જીવન અને વાતાવરણ ઘણી રીતે આકસ્મિકતાવાળુ બની ચૂકયું છે. આ આકસ્મિકતાનો સારી રીતે સામનો કરવા માટે જરૂરી છે કે દરેક વ્યકતિએ આજે વધુને વધુ બચત કરવી જોઇએ, તેમની બિનજરૂરી એક પણ પૈસાનું ખર્ચ નહિ કરવાનો સંયમ કેળવીએ. પોતાની પોતાના પરિવારની અને પોતાના આશ્રિતોની સુરક્ષા માટે જીવનમાં બચત મહત્વ આપીએ.

દરેક વસ્તુ ખરીદતાં, દરેક નવી જરૂરીઆત વધારતાં પહેલાં પોતાની જાતને પ્રશ્ન પૂછીએ કે તે જરૂરિયાત અથવા વસ્તુ વગર આપણું કામ ચાલી શકે તેમ નથી ? શું તેના માટે ખર્ચ કરવું આપણાં માટે જરૂરી છે ? જો તે વસ્તુ અથવા જરૂરીઆતના અભાવે આપણાં જીવનને, આપણી પ્રતિષ્ઠાને કે આપણાં સામાજિક સંબંધોને નુકસાન ન થતું હોય તો એક નવી જરૂરીઆત વધારવાથી બચીએ. બગાડ, વ્યર્થ, આડંબર અને વ્યર્થ ખર્ચ કરાવનારી પરંપરાઓથી બચીએ. જો આપણે આપણાં ઘરમાં આટલો સંયમ જાળવીએ તો હકીકતમાં આપણાં પરિવાર અને સમાજને આર્થિક રીતે આગળ લાવી શકીશું...

## અભિનંદન



અંકિત અનિલભાઇ પંચોલી
Master of Engineering in
Electronic & Communication
1st class with Distinction
8CGPI/Out of 10

# સેવાની સરવાણી...

શીલાબેન અશ્વિનભાઇ પંચોલી
વડોદરા

કારતક સુદી પુનમ 'દેવ દિવાળી'. ભાવિક ભક્તો પદયાત્રા કરી ડાકોર, અંબાજી, ફાગવેલ વિગેરે ધાર્મિક સ્થળોએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે કે મનોરથ પુરા કરવા માટે પગપાળા પ્રવાસ કરી તેમના દેવના દર્શન કરી પાવન થાય છે... યાત્રીકો કારતક સુદ સાતમથી ચાલવાનું શરૂ કરે છે.. અને રસ્તાઓ યાત્રિકોથી ધમધમી ઉઠે છે...

' પંચોલી પરિવાર-વડોદરા ' દર વર્ષે ઉમરેઠથી ૨ કિલોમીટર દુર એક તંબુ બનાવી ખમણ, બટેટા પૌઆ, પારલે-જી બિસ્કીટ, ચ્હા અને પીવાનું પાણી તેમજ દવાઓ સાથેની નિઃસુલ્ક સેવાઓ આપે છે... પહેલાના વખતમાં ચાલથા જતા રસ્તામાં પડતી મુશ્કેલીઓને ધ્યાનમાં લઇ અમોને આ સેવા કરવાની પ્રેરણા મળી અને શરૂ કર્યો આ સેવા યજ્ઞ.

છેલ્લા સાત વર્ષથી આ સેવા યજ્ઞ કરીએ છીએ.. દર વર્ષે આ પદયાત્રાળુઓની સંખ્યામાં વધારો થતો જ રહે છે.. જેમાં ૬૦ ટકા ઉપરના ૧૫ થી ૩૫ વર્ષ સુધીના યુવાનો આવતા હોય છે.. એક બહેનની માનતા પુરી થતા એક મહિનાના બાળકને લઇને માનતા પુરી કરવા ભરૂચથી આવ્યા હતા... આવા તો કેટલાયે પ્રસંગો હોય છે... કારતકસુદ ૧૪ની વહેલી સવારથી રાત્રી સુધી સેવા આપીએ છીએ.. એક મીનીટમાં ૩૫ થી ૪૦ પડીયા નાસ્તાના આપીએ છીએ.. આથી અંદાજ લગાવો કેટલા યાત્રાળુઓ આવતા હશે...

અમારા આ સેવા યજ્ઞમાં પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ સહકાર આપનારના અમો આભારી છીએ.... રાજપીપલાના ભદ્રાબેન યોગેશભાઇ પંચોલીએ ગેસ,સ્ટવ કૂકર અને જરૂરી વાસણોની વ્યવસ્થા કરી આપી સહભાગી બન્યા. તેજસ્વીની મહિલા મંડળની બેહેનોએ પણ તન-મન અને ધનથી સહયોગ આપ્યોફ વડોદરાના જયરાજભાઇ, અશ્વિનભાઇ, દેવાંગભાઇ, વિપીનભાઇ, કમલેશભાઇ, પ્રીતિબેન, તથા ભરૂચના દિનેશભાઇ, હેમેન્દ્રભાઇ, સુધીરભાઇના ફેમીલીનો સંપૂર્ણ સાથ સહકાર આપવા બદલ આભાર... દરેક કાર્ય સૌના સાથ સહકારથી જ દીપી ઉઠે છે.. આથી તક મળે તન-મન અને ધનથી સેવા કરી લેવી... આપવાથી અનેક ઘણું વધે છે...

એક સંતે કહ્યું છે... કે...

થોડામાંથી થોડું આપો ખૂટ્યુ ના ખૂટનાર
ધરમ કરો તો ધરણીધર...ભરી દેશે ભંડાર...





નામ : ઝેનિષ - મો. ૮૨૩૮૬ ૩૪૦૮૭
પિતા : સુભાષકુમાર દયારામ પંચોલી
માતા : નલીનીબેન - મો. ૯૬૮૭૪ ૭૦૧૯૪
જન્મ તા. : ૩૦.૮.૧૯૮૮ સમય : રાત્રે ૮:૩૫(સુરત)
અભ્યાસ : એસ.એસ.સી. પાસ
સર્વિસ : સુપરવાઇઝર-પ્રાઇવેટ કંપની
સરનામુ : ૩૦૩, કૃષ્ણ એપાર્ટમેન્ટ, ગાયત્રી સોસાયટી-૧ લીઓ કલાસીસની સામે, ઉધના ૩૯૪૨૧૦
ભાઇ-બહેન : એક બહેન-પરણિત
જન્માક્ષરમાં માનો છો : હા-મંગળ
મોબાઇલ : ૯૫૩૭૭ ૮૨૯૧૯-સુભાષભાઇ

## એક વાર જાવું હરીના ધામમાં



વડોદરા નિવાસી ચંપકલાલ નરોત્તમદાસ પંચોલી તા. ૨૯.૧૧. ૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. : ૭૩



રાજપીપલા નિવાસી નવિનચંદ્ર કાંતીલાલ પંચોલી તા. ૧૧.૧૨.૨૦૧૪ ના રોજ હરીના ધામમાં ગયા.



નવસારી નિવાસી ચંદ્રિકાબેન મહેશભાઇ પંચોલી તા. ૧૬.૧૨. ૨૦૧૪ના રોજ હરીના ધામમાં ગયા.
ઉ.વ. : ૬૪

# स्वावलम्बन

## सरकार द्वारा जारी राष्ट्रीय पेंशन योजना के अन्तर्गत असंगठित क्षेत्र के कामगारों को पेंशन देने की सुनहरी योजना

माननीय वित्तमंत्री ने 2010 के बजट में एक नई योजना "स्वावलम्बन" की घोषणा की है। स्वावलम्बन भारत सरकार द्वारा असंगठित क्षेत्र के सभी नागरिकों के लिए जारी की गयी पेंशन योजना है, जिसका नियंत्रण पेंशन फंड रेग्युलेटरी एवं डेवलपमेन्ट अथॉरिटी (PFRDA) द्वारा किया जायेगा।

### 1. योजना के प्रमुख बिन्दु–

- यह एक स्वैच्छिक योजना है।
- यह योजना अत्यन्त सरल है।
- इसमें सभी के द्वारा एक समान राशि का निवेश किया जा सकता है।
- इस योजना का खाता देश भर में कहीं से भी चलाया जा सकता है।
- यह योजना पेंशन फंड रेग्युलेटरी एवं डेवलपमेन्ट अथॉरिटी द्वारा नियंत्रित की जायेगी अतः सुरक्षित है।
- यह योजना प्रतिमाह मात्र रु0 100/– के निवेश से भी चलाई जा सकती है, अतः सभी के लिए सुलभ है।
- इस खाते से बीच मे निकासी नही की जा सकती है।
- सभी खाताधारकों को स्थाई रिटायरमेन्ट खाता संख्या का प्रमाण पत्र (PRAN CARD) प्रदान किया जायेगा।




### 2. उद्देश्य–

- असंगठित क्षेत्र के व्यक्तियों को 60 वर्ष की आयु से प्रारम्भ होकर मृत्यु तक पेंशन का प्रावधान करना।

### 3. पात्रता–

- असंगठित क्षेत्र के 18 से 55 वर्ष के सभी नागरिकों के लिए उपलब्ध है।
- अहर्य नागरिक, कर्मचारी भविष्यनिधि एंव विधि प्रावधान एक्ट 1952 अथवा रिटायरमेंट के पश्चात पेंशन प्रदान करने वाली किसी योजना का सदस्य नही होना चाहिए।
- अहर्य नागरिक, संगठित क्षेत्र का कामगार न हो।

### 4. आवेदन कैसे करे–

- निर्धारित रजिस्ट्रेशन फार्म को भरकर, हस्ताक्षरित करना।
- रंगीन पासपोर्ट आकार का फोटो, पहचान–पत्र, आवास एवं आयु का प्रमाण–पत्र।

### 5. अंशदान की राशि–

- न्यूनतम अंशदान प्रतिमाह रु0 100/–
- अधिकतम अंशदान प्रतिवर्ष रु0 12000/–
- न्यूनतम अंशदान प्रतिवर्ष रु0 1000/–
- प्रतिवर्ष अधिकतम 12 अंशदान स्वीकार किये जायेंगे।

### 6. सरकार द्वारा अंशदान–

- वित्तीय वर्ष के दौरान खोले गये खातों में प्रतिवर्ष रु0 1000/– का अंशदान।

➢ यह अंशदान केवल उन्ही खातों के लिए उपलब्ध होगा, जिनमे न्यूनतम प्रतिवर्ष जमा राशि रु0 1000/– तथा अधिकतम रु0 12000/– होगी।

## 7. पेंशन निधि–

➢ यह जमाकर्ता के द्वारा जमा की गई राशि तथा सरकार द्वारा दिये गये अनुदान तथा इन दोनो पर मिलने वाली सालाना ब्याज की राशि के सम्पूर्ण योग के बाद कुल निधि के मूल्य पर आधारित होगी।

## 8. पेंशन लाभ निर्भर करेगा–

➢ व्यक्ति के 60 वर्ष की आयु पर निधि के आकार पर।
➢ तत्समय ब्याज की दर पर।
➢ अगर निधि न्यूनतम पेंशन राशि देने के लिए अपर्याप्त हो तो निधि की सम्पूर्ण राशि जमाकर्ता को लौटा दी जायेगी।
➢ अगर किसी व्यक्ति की पात्रता में परिवर्तन होता है जैसे कि वह संगठित क्षेत्र का सदस्य बन जाता है तब परिवर्तन तिथि र उसका खाता संगठित क्षेत्र के नियमानुसार चलेगा।

## 9. योजना का लाभ–

➢ जमाकर्ता द्वारा 50 वर्ष की आयु पर 60 प्रतिशत तथा 60 वर्ष की आयु पर 80 प्रतिशत राशि को एकमुश्त निकाला जा सकता है। शेष राशि पेंशन निधि के रुप मे परिवर्तित कर दी जायेगी। किन्तु यह ध्यान रखा जायेगा कि शेष पेंशन निधि, न्यूनतम मासिक पेंशन की राशि रु0 1000/– देने के लिए अपर्याप्त न हों।
➢ उपरोक्त पेंशन योजना में 60 वर्ष की आयु पूर्ण होने पर लाभार्थी को उसकी पेंशन निधि की राशि के अनुसार पेंशन देना प्रारम्भ कर दिया जायेगा जो कि न्यूनतम रु0 1000/– मासिक से लेकर अधिकतम पेंशन निधि पर समयानुसार लागू ब्याज की दर पर आधारित होगी।
➢ अगर शेष निधि न्यूनतम पेंशन राशि देने के लिए अपर्याप्त हो तो निधि की सम्पूर्ण राशि जमाकर्ता को लौटा दी जायेगी।
➢ जमाकर्ता की मृत्यु की दशा मे उसके उत्तराधिकारी को सम्पूर्ण धनराशि के तुरन्त निकासी का अधिकार होगा तथा इसका कोई भी भाग पेंशन मे परिवर्तित नही किया जायेगा। उत्तराधिकारियों को खाते को आगे चलाने का विकल्प भी रहेगा।

## 10. प्रतिशत वृद्धि दर–

➢ यह प्रतिदिन घोषित की जायेगी।
➢ "स्वावलम्बन" के अन्तर्गत जमाराशि को लाभार्थी द्वारा चुने गये पेंशन निधि प्रबन्धकों के अनुसार निवेशित किया जायेगा तथा इस पर प्राप्त होने वाले प्रतिलाभ तत्समय लागू ब्याज की दर तथा उन पेंशन निधि प्रबन्धकों पर निर्भर करेंगे

## 11. शिकायत का निवारण–

➢ इस हेतु केन्द्रीय शिकायत प्रबन्धक तंत्र (CGMS) होगा जिसके अन्तर्गत कोई भी जमाकर्ता इसमें शिकायत दर्ज करा सकता है। अथवा अपनी लिखित शिकायत PFRDA अथवा PFRDA (NSDL) को भेज सकता है। इस शिकायत पर PFRDA एवं CRA द्वारा निगरानी रखी जायेगी।
➢ इस योजना हेतु कॉल सेन्टर स्थापित है जिसमे 24 घन्टे निःशुल्क टेलीफोन सुविधा उपलब्ध है। इसका नं0 1800222080 है। इस फोन पर कोई भी जमाकर्ता कम्प्यूटर पर अपना खाता देख सकता है एवं अपने अशंदान की राशि की पुष्टि कर सकता है।

સૌજન્ય : ગીરીશભાઇ આઇ. ગજ્જર
સુરત

## દેવના દિધેલ




નવસારી નિવાસી દિપેશકુમાર ગિરીશભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ.વિરાજ' નો જન્મ તા. ૫:૧૨: ૨૦૧૪ના રોજ થયો.

માતા : મયુરીબેન

વડોદરા નિવાસી દક્ષેશકુમાર બીપીનભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ.ભવ્ય' નો જન્મ તા. ૨૫:૧૧: ૨૦૧૪ના રોજ થયો.

માતા :જૈસલબેન



# ગઝલ

બે સમયની રોટલી જંજાળ કેટલી ?
સાવ નાનું પેટ એની ઝાળ કેટલી ?
મોતથી આગળ જવાનું ક્યાંય પણ નથી,
જિંદગીભર તું કરે છે ધાળ કેટલી ?
એકલું આ વૃક્ષ પણ જીવી શકે નહીં,
કેટલા છે પાંદળા ને ડાળ કેટલી,
જન્મ આપીને કદી તરછોડતાં નથી,
વ્હાલથી મા બાપ લે સંભાળ કેટલી,
એક સરખા માનવીને તે ઘડયા ઈશ્વર,
ધર્મના નામે બની છે પાળ કેટલી,
જો સમય છે તો સમયને જાળવી લે તું,
કાળ કયાં છોડે ? બીછાવે જાળ કેટલી,
દેહ તો માટી મહી ''અક્ષર'' મળી જશે,
તું કરે છે આળ ને પંપાળ કેટલી ?

સુભાષ પંચોલી 'અક્ષર'-વડોદરા

# તારે... નામ..

ભરી મહેફીલ ને છલકતાં જામ
ગઝલ સર્જી મે તારે નામ..

પ્રણય પંથે પાડતા'તા પગલાં
હૈયે કોરાઈ ગયું છે તારૂ સ્થાન

અલૌકિક દર્શનના દેખું સપના
તું મારી રાધા ને હું તારો શ્યામ

સમયના વહેણે ખોવાયું યૌવન
તોયે રાખી મુજ રૂદીએ હામ

આંગળીના ટેરવે વીત્યા વર્ષો
તોયે ના વિસરાયું તારૂ ધામ

યાદોએ સજાવી છે તારી ગઝલ
દિલડે સદા ગુંજ્યુ પ્રેમનું ગાન

'અધીર' કેટલું રાખવું કેટલું ભૂલવું ?
અંતરે કોરાય ગયુ છે તારૂ નામ....

અમૃત સી. પંચોલી 'અધીર' - મુંબઈ

# કાલ પછી

સવારે ઉઠીને બેન્ક આવવાની
ધમાલ હવે નહીં હોય,
અરે! સાંભળો છો ? જરા જલ્દી કરો
મને બેન્કમાં જવાનું મોડું થાય છે..
હું ઘર બંધ કરું તમે સ્કુટર સ્ટાર્ટ કરો
કાલ પછી આ ધમાલ નહીં હોય....
Hello Good Morning
કેમ છો બધા ?
નિશા શું ચાલે છે ?
ગૌરી પ્લીઝ એક ગ્લાસ પાણી આપ
અને આજે એક કપ ચા વધારે બનાવજે.
પવાર ઘરે કેમ છે બધા ?
કેસી આ વખતનું ચિત્રલેખા વાંચ્યુ કે નહી ?
ભારતી શું કરે છે છોકરાઓના પપ્પા ?
કમુબેન ગામીતસર આવી ગયા ?
કાલ પછી આ સંવાદો હું કોની સાથે કરીશ ?
લેજર, પાસબુક, ચેક કલીયરીંગ, ડ્રાફ્ટ, પેમેન્ટ
કસ્ટમર... આ બધા વગર હું શું કરીશ ?
પ્લીઝ ! માસી જરા ઉભા રહો....
હું તમારા ખાતામાં કેટલી બેલેન્સ છે
તે જોઈ આપું, હવે કાલ પછી
હું કોનું એકાઉન્ટ જોઈ આપીશ ?
ચાલ આશા આજે મારે સેફ સંભાળવાનું છે.
કોઈનો ફોન આવે તો જણાવજે.
અરે ! કાકા લોકર સરખું બંધ કર્યુ છે ને ?
જુઓ મેનેજર સાહેબ, આ કોઈનું પર્સ
અહીં લોકરરૂમમાં રહી ગયુ છે.
હવે કાલ પછી હું કોનું લોકર ખોલી અપીશ ?
મિત્રો કાલ પછી તમારા બધાની ખૂબ યાદ આવશે..
પણ કાલ નિરાંતે ઉઠીને ગરમ ગરમ ચા પીતાં
સવારનું પેપર વાંચીશ..
ન કામે જવાની ધમાલ, કે ન રસોઈની ઉતાવળ,
પરિવાર અને મિત્રો સાથે માણીશું નિવૃતીની પળ
પણ છતાં... હજી આ સવાલ તો ઉભો જ છે..
કાલ પછી હું તમારા વગર શું કરીશ...??????.
શોભા કિશોર મિસ્ત્રી 'અક્ષય'-બીલીમોરા

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી પ્રગતિ પરિવાર-રાજપીપલા

શ્રી પંચોલી પ્રગતિ પરિવારની સામાન્ય સાધારણ સભા રાજપીપલા મુકામે શ્રી પંચોલી જ્ઞાતિની વાડીમાં તા. ૧૬.૧૧.૨૦૧૪ના રોજ મળી હતી. વર્ષ ૨૦૧૩માં સંસ્થામાં નવા જોડાયેલા સભ્યશ્રી ભૂપેન્દ્રભાઇ વી. પંચોલી-સુરત તથા પુષ્પકાંતભાઇ વિ. પંચોલી-બારડોલીને સહર્ષ આવકાર્યા હતા.. આ સાથે કુલ ૩૯ કાયમી સભ્ય અને ૧ સામાન્ય સભ્ય મળી ૪૦ સભ્યો થયા.

કોરમ થતા સંસ્થાના સ્વર્ગસ્થ સભ્યો તથા રાજપીપલા એકમના સ્વર્ગસ્થ જ્ઞાતિજનોને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી. કાર્યસુચી મુજબ એક પછી એક કુલ ૧૯ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરી સર્વાનુંમતે સંસ્થાના હિતમાં નિર્ણયો લેવામાં આવ્યા.

પરિવારના કાયમી સભ્યો પૈકી વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૬૦ વર્ષ પૂર્ણ કરી સીનીયર સીટીજન બનેલ પાંચ સભ્યો પૈકી સભામાં હાજર રહેલ ચાર સભ્યોમાં રાજપીપલાના શ્રી દિનબંધુભાઇ, શ્રી પ્રકાશચંદ્ર, શ્રી કિશોરભાઇ સી. પંચોલી તથા વડોદરાના શ્રી પ્રવિણભાઇ વિઠ્ઠલદાસ પંચોલીનું સાલ ઓઢાડી તથા પુષ્પગુચ્છ અને ગાયત્રી પરિવાર રાજપીપલા તરફથી મળેલ ધાર્મિક સાહિત્ય આપી બહુમાન કરવામાં આવ્યું.

વર્ષ ૨૦૧૩માં પરિવારના કાયમી સભ્યોનો સ્વર્ગવાસ થતા તેમણે તેમના નિયુક્ત કરેલ વારસદારો શ્રી ગૌતમકુમાર રણછોડદાસ પંચોલી અને શ્રી અકિતકુમાર અંબાલાલ પંચોલીને કન્વીનરશ્રીએ સંસ્થાના કાયમી સભ્યો તરીકે નિયુક્ત કરેલ તેની નોંધ લઇ કાયમી સભ્ય તરીકે બહાલી આપી.

પરિવારમાં નવા જોડાયલા સચ્ય શ્રી ભૂપેન્દ્રભાઇ વિઠ્ઠલદાસ પંચોલી એ તેમની હયાતીબાદ વારસદાર તરીકે તેમના પત્ની શ્રીમતિ જયશ્રીબેન ભૂપેન્દ્રભાઇ પંચોલીને તથા શ્રી પુષ્પકાંતભાઇ વિઠ્ઠલદાસ પંચોલીએ તેમની હયાતીબાદ વારસદાર તરીકે તેમના પુત્ર ચિ. મનનકુમાર પુષ્પકાંત પંચોલીને નિયુકત કર્યા છે જેની નોંધ લઇ માન્યતા આપી.

પરિવારને દર વર્ષે મળતા મુડીના વ્યાજની સદર વાઇઝ ફાળવણી કરી ૩૫ % રકમ મુડી વૃદ્ધિ માટે જમા લેવી, ૩૦ % રકમ વાર્ષિક જ્ઞાતિજનોમાટે યોજાતા પ્રીતિભોજન માટે, ૨૦% રકમ શૈક્ષણિક પ્રગતિકારક પ્રવૃત્તિ માટે, ૫ ટકા રકમ વહીવટી ખર્ચ માટે, ૧૦ % રકમ સંસ્થાની ૨૦૨૪ના વર્ષમાં રજત જ્યંતિ ઉજવવા માટે અનામત ભંડોળ હેડે ફાળવણી કરવાનું નક્કી કર્યુ. ૨૦૨૪ સુધી આ પ્રમાણે ફાળવણી કરવી. અને તયારબાદ આ બાબતે ફેરવીચારણા કરી યોગ્ય કરવું.

હોદ્દેદારોની મુદત તા. ૩૧-૧૨-૨૦૧૩ના રોજ પૂર્ણ થયેલ હોઇ નવા હોદ્દેદારો માટે કોઇ દરખાસ્ત ન હોવાથી જુના હોદ્દેદારોને તા. ૧.૪.૨૦૧૪ થી ત્રણ વર્ષની મુદત માટે ચાલુ રાખવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

કોઇ પ્રશ્ન ચર્ચવાનો બાકી ન રહેતા સભા બરખાસ્ત કરી પછી હાજર રહેલ સૌ સભ્યોએ શ્રી સેવા મંડળના યોજાયેલ ઇનામ વિતરણ સમારંભમાં હાજરી આપી. પરિવારે સર્વ જ્ઞાતિજનો માટે યોજેલ ભોજન સમારંભમાં ભોજનનો સૌ જ્ઞાતિજનો સાથે આસ્વાદ માણસ વિદાય લીધી.

## શ્રી પંચોલી સેવા મંડળ-રાજપીપલા

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાને જન્મ દિવસ નિમિત્તે નીચે મુજબની ભેટ મળી છે..

૧૦૦ યશકુમાર મહેશચંદ્ર પંચોલી
૨૦૧ શ્રી કૃષ્ણકાંત શાંતીલાલ મપારા
૧૦૧ શ્રી ધર્મેન્દ્રકુમાર છીતુભાઇ પંચોલી
૧૫૧ અ.સૌ. નીતાબેન તથા નયનકુમાર રમણભાઇ પંચોલી
૧૦૧ અ.સૌ. જાગૃતિબેન આશિષકુમાર પંચોલી
૫૧ સ્વ. મહેન્દ્રકુમાર ચીમનલાલ પંચોલીના સ્મરણાર્થે હ. મીનાબેન મહેન્દ્રકુમાર પંચોલી

## શ્રી પંચોલી સમાજ-વડોદરા

વડોદરા નિવાસી શ્રીમતિ જયમાલાબેન કે પંચોલી તથા શ્રીમતિ દામનીબેન એમ પંચોલીએ ટી.વી. પોગ્રામ 'રસોઇ તડકા'માં પોતાની આગવી રેસીપી રજુ કરી દર્શકોને બતાવી, સમજાવી અને શીખવાડી હતી. ટી.વી. પ્રોગ્રામમાં આવવા બદલ વડોદરા સમાજનું ગૌરવ વધાર્યુ છે... અભિનંદન..

## શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા

પંચોલી સમાજ ભવન વડોદરા માટે સમાજના તમામ વર્ગ માંથી સુંદર આવકાર મળી રહ્યો છે. વડોદરામાં વલતા અને વડોદરા બહાર વસતા પરિવારોનો ૨૦૧૫થી સંપર્ક કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. વિદેશમાં જસતા પરિવારોએ પણ ભવન માટે ભવન માટેની ટહેલનો સુંદર પ્રતિસાદ આપવાનો નિરર્ધાર કર્યો છે. જે ખૂબ જ આવકાર્ય છે. ભવન માટે અગાઉના દાતાઓ પુનઃ દાન આપી રહ્યા છે. જે કાર્યકરોના ઉત્સાહમાં વધારો છે. 'સૌનો સાથ - સમાજનો વિકાસ' એ સ્વપ્ન સાકાર કરવાનો મંત્ર છે...

## શ્રી પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ-વડોદરા

પંચોલી સમાજ ભવન વડોદરા માટે સમાજના તમામ વર્ગ માંથી સુંદર આવકાર મળી રહ્યો છે. વડોદરામાં વલતા અને વડોદરા બહાર વસતા પરિવારોનો ૨૦૧૫થી સંપર્ક કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. વિદેશમાં જસતા પરિવારોએ પણ ભવન માટે ભવન માટેની ટહેલનો સુંદર પ્રતિસાદ આપવાનો નિરર્ધાર કર્યો છે. જે ખૂબ જ આવકાર્ય છે. ભવન માટે અગાઉના દાતાઓ પુનઃ દાન આપી રહ્યા છે. જે કાર્યકરોના ઉત્સાહમાં વધારો છે. 'સૌનો સાથ - સમાજનો વિકાસ' એ સ્વપ્ન સાકાર કરવાનો મંત્ર છે...

# મહિલા સમાચાર......

### તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળની મિટિંગ સહખજાનચી શ્રીમતિ નિકુંજબેન પંચોલીના નિવાસ સ્થાને મળી. નીલા રંગના ડ્રેસ-સાડીમાં સજ્જ થઇને બહેનો આવી હતી. શ્રીમતિ સાવીત્રીબેનના સુંદર ભાવગીત સાથે મિટિંગની શરૂઆત કરી.

તા. ૫.૧૧.૧૪ના રોજ બધી બહેનો પ્રેમાનંદ ઓલ્ડ કેર સંસ્થાની મુલાકાત લીધી. સયુંકત કુટુંબમાં રહેતા હવે વિભકત કુટુંબમાં રહેતા થયા.... સાથે સાથે વિચારો પણ બદલાય ગયા... અને ભારરૂપ લાગતા મા બાપો વૃદ્ધાશ્રમને આશરે રહેવાનો વારો આવ્યો.... એવા પોતાનાથી પારકા બનેલા વૃદ્ધોની મુલાકાત લીધી. કપડાં, સેવ મમરા, ચોકલેટ, ધાર્મિક પુસ્તકો વિગેરે સૌને આપ્યા. એઓની સાથે ડાન્સ, ભજન અને ગીતો ગાઇ સૌને આનંદ કરાવ્યો.... અને થોડીવાર માટે એઓના દુઃખો ભુલાવવાનો પ્રયત્ન કર્યો. સૌ લાગણીશીલ બની ગયા હતા. અંતમાં સૌની આવજો કહી વિદાય લીધી.

તા. ૮.૧૨.૧૪ના રોજ 'દિપીકા ગાર્ડન' મહિલા મંડળના સભ્યો સાથે મળ્યા. બચપનની યાદોની સ્મૃતિ તાજી કરી... સૌનો પરિચય મેળવ્યો. રમત-ગમત રમાડી ઇનામો આપી સનમાન્યા. અંતમાં આનંદ પ્રમોદ કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૨.૧૨.૧૪ના રોજ નિકુંજબેનને ત્યાં સૌ મળ્યા. ત્યાં નિકુંજબેને કોલ્ડ્રીંકસથી સૌનું સ્વાગત કર્યુ. લકી ડ્રો કર્યો જેમાં જ્યોતિબેન કે. અને નીતાબેન એસ. પંચોલી લકી બન્યા. સમાજના દિવંગત આત્માઓની શાંતિ અર્થે શ્રદ્ધાંજલી અર્પણ કરી.

નિકુંજબેને ગેઇમ રમાડી અને વિજેતા શ્રીમતિ પ્રીતિબેન, જ્યોતિબેન કે. પંચોલી, સપનાબેન પંચોલી અને નીતાબેન એસ. પંચોલીને ઇનામો આપી નવાજ્યા.

વ્યારા ખાતે યોજાનાર અધિવેશનમાં લઇ જવાની કૃતિ ની પ્રેકટીશ કરી. નિકુંજબેન તરફથી રગડા પેટીસ, સેવ કચોરી અને ગાજર હલવાનો સુંદર આસ્વાદ માણી વ્યારા મુકામે મળવાનું નકકી કરી છુટા પડયા.

# નવયુગ શુભેચ્છા ભેટ......

તંત્રીશ્રી

મને પંચોલી નવયુગ છેલ્લા ઘણાં વર્ષોથી વિના મૂલ્યે મળે છે..

આ વર્ષે નવયુગ દિપોત્સવી અંકમાં શુભેચ્છા જાહેરાત મોકલી ન શકયો આથી મારા તરફથી રૂા. ૨૫૦ / રૂા. ૫૦૦ / રૂા. ૧૦૦૦/ શુભેચ્છા ભેટ મોકલું છું તે સહર્ષ સ્વીકાર કરશો...

નામ : ____________________

સરનામુ : ____________________

____________________

____________________

મો. : ____________________

# કુર્યાત સદા મંગલમ્







મુંબઇ નિવાસી શ્રીમતિ તરલીકાબૅન તથા શ્રી ગિરીશભાઇ નટવરલાલ ઝવૅરીના સુપુત્ર ચિ. જયદીપના શુભલગ્ન વડૉદરા નિવાસી શ્રીમતિ સરૉજબૅજબૅન તથા શ્રી ચંપકલાલ હીરાલાલ પંચૉલીની સુપુત્રી ચિ. હિના સાથૅ તા. ૨૯.૧૧.૨૦૧૪ રૉજ થયા.

સુરત નિવાસી શ્રીમતિ ચારૂલતાબૅન તથા શ્રી ભદ્રૅશભાઇ નવિનચંદ્ર ગજ્જરના સુપુત્ર ચિ. ચિંતનના શુભલગ્ન વ્યારા નિવાસી શ્રીમતિ પ્રવિણાબૅન તથા શ્રી હર્ષવદન પરસૉત્તમભાઇ મિસ્ત્રીની સુપુત્રી ચિ. પાયલસાથૅ તા. ૧.૧૨.૨૦૧૪ રૉજ થયા.



સુરત નિવાસી શ્રીમતિ ભારતીબૅન તથા શ્રી હેમંતભાઇ છગનલાલ મિસ્ત્રીની સુપુત્રી ચિ. મૃદુતાના શુભલગ્ન સુરત નિવાસી શ્રીમતિ સંતદાસીબૅન તથા શ્રી પ્રફુલભાઇ ચીમનભાઇ પંચૉલીના સુપુત્ર ચિ. પ્રતિક સાથૅ તા. ૧૨.૧૨.૨૦૧૪ રૉજ થયા.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઇ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**014710003655 IFSC code Bkdn 0210147**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-વ્યારા


આપણી વેબસાઇટ પર
www.pancholi samaj.0rg
પર જઇ ઇ-નવયુગ પર કલીક કરો અને દરેક માસના નવયુગનું લીસ્ટ આવશે. જે માસનું નવયુગ જોવું હોય એ પર કલીક કરો અને દર મહિને નિહાળો.....

**પંચોલી નવયુગ**
કલરફુલ અંદાઝમા

## હેપી બર્થડે.......



યુગ દિપેશભાઇ
પંચોલી-નવાપુર
તા. ૧.૧.૨૦૧૧



ખુશી દિપકકુમાર
પંચોલી-સુરત
તા. ૩.૧.૨૦૧૪




## ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૨૫૦ વડોદરા નિવાસી શ્રીમતિ વર્ષાબેન(દાદી) તથા શ્રી બિપીનભાઇ ડી. પંચોલી(દાદા) તરફથી પૌત્ર ભવ્ય દક્ષેશકુમાર પંચોલીના જન્મની ખુશાલીમાં...

રૂા. ૧૦૦ સુરત નિવાસી ભરતભાઇ ખંડુભાઈ મિસ્ત્રી તરફથી

રૂા. ૧૦૧ નવાપુર નિવાસી યુગ દિપેશભાઇ પંચોલીની વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૫૧ બૉરીવલી-મુંબઇ નિવાસી કમલેશભાઇ રમેશચંદ્ર પંચોલીની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે...

રૂા. ૧૫૧ સુરતના દિપકભાઇ સન્મુખભાઇ પંચોલીની તરફથી સુપુત્રી ચિ. માનસીના શુભલગ્ન પ્રસંગ નિમિત્તે

રૂા. ૨૫૧ સુરત નિવાસી અનુપકુમાર હરગોવિંદદાસ મિસ્ત્રી તરફથી સુપુત્ર ચિ. દિપેશના શુભલગ્ન પ્રસંગ નિમિત્તે

રૂા. ૨૫૧ વ્હાલા મામાશ્રી સ્વ. નવિનચંદ્ર કાંતિલાલ પંચોલી(રાજપીપલા)ના સ્મરણાર્થે ચિ. કેયૂર તથા કંદર્પ ચેતનભાઇ પંચોલી તરફથી....

*Printed Book*
**પ્રિન્ટેડ બુક**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Ph. :** 02646 - 291852 **Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**